# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૨ /૩૨ તારીખ: 17 MAR 2022

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,
પંજાબી મહેન્દ્રસીંગ હરીસીંગ,
વતી, ચરણજીતસીંગ મહેન્દ્રસીંગ પંજાબી
કાળા તળાવ, તા.અબડાસા
મોબાઇલ નંબર:- ૯૮૭૯૨ ૩૬૮૮૭

વિષય :- કેસ નંબર પીજી ૦૩/૦૦૨/૨૦૨૧-૨૨

<u>સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૦૨/૨૦૨૧-૨૨</u>

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.
17-3-22

<u>બિડાણ-ઉપર મુજબ</u>

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, નખત્રાણા
(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, નલીયા

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ–કચ્છ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ,જી.કે.જનરલ હોસ્પીટલ સામે, ભુજ – કચ્છ.

ફોન નં.(૦૨૮૩૨) ૨૫૩૫૫૦ ફેકસ નં.(૦૨૮૩૨) ૨૫૦૦૪૮

ઈમેલ : forumbhuj.pgvcl@gebmail.com


---

નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૨ તા. / /૨૦૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-03-002-2021-22

મહેન્દ્રસિંઘ હરીસિંઘ પંજાબી વતી
ચરનજીતસિંઘ મહેન્દ્રસિંઘ પંજાબી
રહે.કાળા તળાવ,તા.અબડાસા – કચ્છ. .........અરજદાર.

વિરધ્ધ.

કાર્યપાલક ઈજનેરશ્રી
પીજીવીસીએલ, નખત્રાણા સબ ડીવીજન,
નખત્રાણા – કચ્છ. ..........સામાવાળા.

બાબતઃ– સેવામાં ખામી અંગે....

અરજદાર તરફે :– જાતે
સામાવાળાના તરફે :– શ્રી એમ.કે.વોરા,
કાર્યપાલક ઈજનેરશ્રી, નખત્રાણા

કોરમ : (૧) શ્રી બીપીન પી.બુચ – ચેરપર્સન
(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળઃ કોન્ફરન્સ હોલ,પીવીસીએલ, વતૃળ કચેરી,ભુજ
તાઃ૨૫/૧/૨૦૨૨

## ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદાર અબડાસા તાલુકાના કાળાતળાવ ગામે ખેતીવાડીની જમીન ધરાવે છે સદર જમીનમાં સામાવાળા વિજ કંપનીના અલગ–અલગ નવ કનકેશન ધરાવતા હતા જે પૈકી ગ્રાહક નં. ૮૬૫૨૧/૧૦૦૧૩/૦, ૮૬૫૨૧/૧૦૦૧૪/૯, ૮૬૫૨૧/૧૦૦૨૦/૩ તથા ૮૬૫૨૧/૧૦૦૧૨/૨ વાળા કનેકશનોની જરૂરીયાત ન હોઈ તા.૩૧–૧૨–૨૦૧૪ ના અરજી આપી રદ કરવા સામાવાળા વિજ કંપનીને જાણ કરતા સદર કનેકશનો રદ કરવામાં આવેલ અરજદારના કથન પ્રમાણે અરજદારે ગ્રાહક નં. ૮૬૫૨૧/૧૦૦૨૧/૧ વાળું કનેકશન રદ કરવા કોઈ અરજી સામાવાળાને કરેલ ન હોવા છતાં અને સદર કનેકશનના રેગ્યુલર બિલો ભરપાઈ કરતા હોવા છતાં તેમ છતાં સદર રદ કરવામાં આવેલ હોવાની અરજદારને જાણ થતા અરજદારે સામાવાળા સમક્ષ રજુઆત કરેલ તેમ છતાં કોઈ દાદ ન મળતા હાલની ફરીયાદ દાખલ કરી સામાવાળાએ ગ્રાહક નં. ૮૬૫૨૧/૧૦૦૨૧/૧ વાળું ગેર કાયદેસર રીતે પી.ડી.કરેલ હોઈ સદર કનેકશન ચાલુ રાખે તેવી માંગણી કરેલ છે.

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે મુળ ગ્રાહક મહેન્દ્રસિંઘ હારીસિંઘ પંજાબીના નામે અગાઉ પાંચ કનેકશન આપવામાં આવેલ જે પૈકી ચાર કનેકશન રદ કરવા રજુઆત કરતા ચાર કનેકશન રદ કરવામાં આવેલ પરંતુ નલીયા પેટાવિભાગીય કચેરીના સીનીયર આસી.જયેશ જી.ગઢવી દ્વારા તેમના લોગીનમાંથી ભુલથી એક ગ્રાહકના બદલે બીજા ગ્રાહકનું કનેકશન પી.ડી.થઈ જવા પામેલ હાલે વાદગ્રસ્ત કનેકશન ચાલુમાં છે તેમજ સદર વિજ કનેકશનનું તમામ માલ મટેરીયલ લગાડેલ છે અને ગ્રાહક રેગ્યુલર રકમ પણ ભરપાઈ કરે છે જે પીઆરટી ૧૪૫ મુજબ સ્પષ્ટ છે તેમજ શ્રી ગઢવી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી ચાલુમાં છે તેમજ સદર કનેકશનને પુનઃચાલુ કરવા માટે ટીકીટ નં.૪૨૮૭૫૨ થી એલ.ટી.બિલીગમોડયુલમાં ચાલુ કરવા માટેની ટીકીટ પણ મુકેલ છે વિગેરે હકીકત જણાવેલ છે.

૩. પક્ષકારોની રજુઆત જોતા અરજદારની માંગણી મુજબ ગ્રાહક નં. ૮૬૫૨૧/૧૦૦૨૧/૧ વાળું વિજ કનેકશન રદ કરવા અરજદારની કોઈ માંગણી નથી તેમજ સામાવાળા તરફે પણ સદર વિજ કનેકશન સીનીયર આસી.ની લોગીનમાંથી એક ગ્રાહકના બદલે બીજા ગ્રાહકનું કનેકશન પી.ડી.થયેલ છે અને તેવી ભુલ ધ્યાનમાં આવતા સદર વિજ કનેકશનને પુનઃચાલુ કરવા માટે ટીકીટ નં.૪૨૮૭૫૨ થી એલ.ટી.બિલીગમોડયુલમાં ચાલુ કરવા માટેની ટીકીટ પણ મુકેલ હોવાથી તે અંગેની કાર્યવાહી ચાલુમાં હોવાથી તેવી કાર્યવાહી ટુંક સમયમાં પુર્ણ થયા બાદ સદર કનેકશન અન્વયે રેગ્યુલર બિલ મુજબ કનેકશન ચાલુ કરવામાં આવશે અને સાથે સામાવાળાના જે કોઈ બિલ

અન્વયે તફાવતની રકમ ભરપાઈ કરવાની રહેશે તેવી રકમ ભરપાઈ કરવા અરજદારે જાતે કબુલાત આપેલ હોઈ અરજદારે સદર વિજ કનેકશન અન્વયે ભરવાપાત્ર લેણી રકમ ભરવા પણ સંમતી આપેલ હોઈ આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## —: હુકમ :—

આથી આ કામે એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારના ગ્રાહક નં. ૮૬૫૨૧/૧૦૦૨૧/૧ વાળું વિજ કનેકશન સામાવાળાના કર્મચારીની ભુલના કારણે પી.ડી. થયેલ હોઈ સદર કનેકશન ચાલુ કરી આપવું તેમજ સદર કનેકશન ચાલુ કરવા અંગે સામાવાળા તરફથી જે લેણી રકમ બાકી નિકળે તેવી લેણી રકમ અંગેનું ફરીયાદીને બિલ આપવું અને તેવા બિલની રકમ ફરીયાદીએ ભરપાઈ કરી આપવી.

આ હુકમ આજ તા.૨૮/૦૧/૨૦૨૨ ના રોજ જાહેર કર્યો

(આર.જી.કુંપાવત) — સ્વતંત્ર મેમ્બર

(બીપીન પી.બુચ) — ચેરપર્સન

*ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ–કચ્છ.*

નોંધ:

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ – ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો – ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબિતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં.૩,પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૧૫, ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯